# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

## સત્સંગ વિહાર - ૩ : પ્રેક્ટિસ પેપર - ૫

### જવાબપત્ર - ૫

**સમય : ૧ કલાક**
**કુલ ગુણ : ૫૦**

**પ્ર.૧ સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો.** **[૨૫]**

**૧.** ‘પૈસાના લોભ માટે મનમાં વિકાર થાય તેવા ખેલ કરશો નહિ.’ આ વાક્ય કોણ કોને કહે છે?

(૧) પટેલો-ખેલ કરનારાને **(૨) મહારાજ-ખેલ કરનારાને** **૧.** [ ૨ ]

(૩) મહારાજ-સરકસવાળાને

**૨.** ગુણાતીતાનંદ સ્વામીના મત પ્રમાણે કોઈને મુશ્કેલી આવે તો શું કરવું?

(૧) સેવા કરવી (૨) ઉપવાસ કરવો **૨.** [ ૩ ]

**(૩) સ્વામિનારાયણ મંત્રની ધૂન કરવી**

**૩.** ધર્મદેવ કાશી કેમ ગયા?

(૧) ધર્મસભામાં ભાગ લેવા (૨) ઘનશ્યામને કાશી નગરી બતાવવા **૩.** [ ૩ ]

**(૩) ચંદ્રગ્રહણ કરવા**

**૪.** મહારાજ લોયામાં કોના ઘરે રહ્યા હતા?

(૧) નાજા જોગીઆ **(૨) સંઘા પટેલ** (૩) વાસુર ખાચર **૪.** [ ૨ ]

**૫.** ‘આપની આજ્ઞા હોય તો હું ચર્ચાનું સમાપન કરું.’ કોણ કોને કહે છે?

(૧) સત્યકામ ગૌતમ ઋષિને (૨) ધર્મદેવ વિદ્વાનોને **(૩) ઘનશ્યામ ધર્મદેવને** **૫.** [ ૩ ]

**૬.** ઘનશ્યામના માતા-પિતાનું નામ શું હતું?

**(૧) ભક્તિમાતા-ધર્મદેવ** (૨) દિવાળીબા-મોતીભાઈ (૩) હેતબા-ધોરીભાઈ **૬.** [ ૧ ]

**૭.** સેવકરામ શું ભણેલા હતા?

(૧) વેદ અને પુરાણ (૨) મહાભારત અને રામાયણ **૭.** [ ૩ ]

**(૩) શ્રીમદ્ ભાગવત અને પુરાણ**

**૮.** સેવકરામની સેવા કોણે અને કેટલા સમય સુધી કરી?

(૧) મગનીરામે ૩ માસ **(૨) નીલકંઠે ૨ માસ** (૩) મગનીરામે ૨ માસ **૮.** [ ૨ ]

**૯.** ‘સ્વામી આ સદ્‌ગુરુ કોણ છે?’ એ પ્રશ્ન કોણે પૂછ્યો?

(૧) દાદાખાચર **(૨) માલજી સોની** (૩) હાદો ખુમાણ **૮.** [ ૨ ]

**૧૦.** ‘અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી, તેણે આપ્યા વર્તમાન’ આ વાક્ય કોણે પોતે લખેલ પુસ્તકમાં લખ્યું છે?

(૧) શાસ્ત્રીજી મહારાજે **(૨) આચાર્ય વિહારીલાલજી મહારાજે** (૩) ભગતજી મહારાજે **૧૦.** [ ૨ ]

**૧૧.** ભગતજી મહારાજનો જન્મ ક્યા ગામમાં થયો હતો?

**(૧) મહુવા** (૨) ચાણસદ (૩) રાજકોટ **૧૧.** [ ૧ ]

D:\D Drive\PARIXA PARDESHI\SV-1 2 3 Practice Paper 23-9-23\SV3\50 Marks SV3 Guj Paper\SV 3 Guj Practice Paper-3-1 05Ans

**૧૨.** શાસ્ત્રીજી મહારાજે મોતીભાઈને ઘેર જમવાની કેમ ના પાડી?

**(૧) ઠાકોરજીનો થાળ કરવા લોટ લઈને સારંગપુર જવાનું હતું.**

(૨) તેમને જૂનાગઢ જવું હતું. (૩) તેમણે ભોજન કરી લીધું હતું. **૧૧.** | ૧ |

**૧૩.** શાસ્ત્રીજી મહારાજના સમયમાં ખીચડી શેમાં રાંધતા હતા?

(૧) તપેલમાં (૨) કૂકરમાં **(3) કેરોસીનના ડબ્બામાં** **૧૩.** | 3 |

**૧૪.** યોગીજી મહારાજને કપડાં ધોવા મળવાથી કેમ ખુશ હતા?

(૧) પોતે યુવક હોય તેવું લાગ્યું (૨) પોતે દારેસલામમાં હતા તેથી **૧૪.** | 3 |

**(3) ઘણા વખત પછી તેમને સેવા કરવાનો મોકો મળ્યો હતો.**

**૧૫.** સ્વામીશ્રીએ કેટલાથી વધુ ગામોમાં વિચરણ કર્યું છે?

(૧) ૧૪,૦૦૦થી વધુ **(૨) ૧૭,૫૦૦થી વધુ** (૩) ૧૭,૦૦૦થી વધુ **૧૫.** | ૨ |

**૧૬.** સ્વામિનારાયણ સંપ્રદાયના સિધ્ધાંતો, ગ્રંથો અને શું સત્ય છે?

(૧) આદરસત્કાર (૨) પ્રમાણિકતા **(3) પરંપરા** **૧૬.** | 3 |

**૧૭.** દરેકે આરતી અને અષ્ટક રોજ ઓછામાં ઓછા કેટલીવાર ગાવા?

(૧) ૩ વખત **(૨) ૨ વખત** (૩) ૨ દિવસમાં ૨ વાર **૧૭.** | ૨ |

**૧૮.** ભગતજી મહારાજના ધામગમનના સમાચાર શાસ્ત્રીજી મહારાજને ક્યાં મળ્યા? (પાઠ-૧૦)

**(૧) રાજકોટ** (૨) મુંબઈ (૩) જૂનાગઢ **૧૮.** | ૧ |

**૧૯.** સ્વામીશ્રીને ક્યાં મલાઈમાંથી બનાવેલ કઢી પીરસી હતી?

(૧) વરતાલમાં **(૨) ઈંગ્લેન્ડમાં** (૩) આફ્રિકામાં **૧૯.** | ૨ |

**૨૦.** એક માસમાં કેટલી એકાદશી આવે?

(૧) ૪ (૨) ૧ **(3) ૨** **૨૦.** | 3 |

**૨૧.** 'એકાદશીનું વ્રત કરવું ત્યારે તો અગિયાર ઈન્દ્રિયોને આહાર કરવા ન દેવો.'

- આવું શ્રીજી મહારાજે કયા વચનામૃતમાં કહ્યું છે?

(૧) ગઢડા મધ્ય-૩ **(૨) ગઢડા મધ્ય-૮** (૩) ગઢડા મધ્ય-૨૧ **૨૧.** | ૨ |

**૨૨.** સ્વામીશ્રીની કઈ આજ્ઞામાં ઘરના ઝઘડા મીટાવાની શક્તિ છે?

(૧) પૂજા કરવાની (૨) મંદિરે જવાની **(3) ઘરસભા કરવાની** **૨૨.** | 3 |

**૨૩.** કોણે ગુણાતીતાનંદ સ્વામી પાસે વર્તમાન ધરાવી માંસ ન ખાવાનો નિયમ લીધો?

**(૧) રામો હાટીએ** (૨) મંગળજી દીવાને (૩) આનંદ પટેલે **૨૩.** | ૧ |

**૨૪.** સત્સંગનું વાંચન કરવાથી શું વધે?

(૧) પ્રવચન કળા (૨) યાદશક્તિ સમજણ શક્તિ **(3) બંને** **૨૪.** | 3 |

**૨૫.** સ્વામીશ્રીને રાજી કરવા આપણે શું કરવું જોઈએ?

(૧) ઘરસભા કરવી (૨) સત્સંગની ઓડિયો બુક સાંભળવી અને પરીક્ષા આપવી **૨૫.** | 3 |

**(3) બંને**

**પ્ર.૨ નીચેના વાક્યો ખરાં (✓) છે કે ખોટાં (✗)તેની નિશાની સામેના ખાનામાં કરો.** **[૧૦]**

**૧.** ભગવાનનું જ્ઞાન મેળવવા માટે ગુરુને દાસભાવ રાખી તેમની સેવા કરવી જોઈએ. **૧.** ✓

**૨.** સત્યકામે રોજ વેદ અને ઉપનિષદોનું વાંચન કરીને બ્રહ્મજ્ઞાન મેળવ્યું. **૨.** ✗

**૩.** શાસ્ત્રોમાં વર્ણવાયા છે એવા ગુરુ એટલે જ્ઞાની ગુરુ. **૩.** ✗

**૪.** હ્યુ-એન-ત્સંગને અકબર રાજાએ સોનામહોર અને રત્નો ભેટ આપ્યા. **૪.** ✗

**૫.** 'નારાયણ હરે ! સચ્ચિદાનંદ પ્રભો!' એવું શાસ્ત્રીજી મહારાજ ઝોળી માંગતી વખતે બોલતા હતા. **૫.** ✓

**૬.** શાસ્ત્રીજી મહારાજે ઠાકોરજીને ધરાવ્યા પછી મોતીભાઈએ આપેલ ભોજન ગ્રહણ કર્યું. **૬.** ✓

**૭.** શાસ્ત્રીજી મહારાજના સમયમાં સેવામાં જોડાયેલા સંતો પોતાના રોગની પણ પરવા કરતા નહીં. **૭.** ✓

**૮.** યોગીજી મહારાજે નૈરોબીમાં યુવકોનાં કપડાં ધોયા. **૮.** ✗

**૯.** પાંચ માસની તીર્થયાત્રા કરી હરિદાસજી જૂનાગઢ પાછા આવ્યા. **૯.** ✗

**૧૦.** પંચમહાલ ક્ષેત્રમાં દેવગઢબારિયા ગામ છે. **૧૦.** ✓

**પ્ર.3 નીચે આપેલા પ્રશ્નોના ૧ કે ૨ વાક્યમાં જવાબ લખો.** **[૬]**

**૧.** સ્વામિનારાયણ સંતોના પાંચ વર્તમાન ક્યા છે? (પાઠ-૧૫)

**જ.** **સ્વામિનારાયણના સંતોના પંચ વર્તમાન જેવા કે નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ તથા નિર્માન છે.**

**૨.** પોંડિચેરી રેલ્વે સ્ટેશને યોગીજી મહારાજે શું કર્યું? (પાઠ-૧૪)

**જ.** **પોંડિચેરી રેલ્વે સ્ટેશને યોગીજી મહારાજે હરિભક્તોનો સામાન મુકેલી ૧૮ ડબ્બાની ટ્રેનની દોઢ પ્રદ્‌ક્ષિણા કરી અને ટ્રેનને દંડવત્ કર્યા.**

**૩.** ભગવાન સ્વામિનારાયણે કેટલા અને ક્યાં ક્યાં શિખરબદ્ધ મંદિરો બાંધ્યા? (પાઠ-૩૯)

**જ.** **ભગવાન સ્વામિનારાયણે ૬ શિખરબદ્ધ મંદિરો બાંધ્યા. (૧) અમદાવાદ (૨) ભુજ (૩) વરતાલ (૪) ધોલેરા (૫) જૂનાગઢ (૬) ગઢડા**

**પ્ર.૪ મુખપાઠ પંક્તિ પૂર્ણ કરો.** **[૪]**

**૧.** રોજ સવારે પૂજામાં કરવાની પ્રાર્થના ...................................... (પાઠ-૩૭)

**જ. હે મહારાજ, હે સ્વામી ! હે મહંતસ્વામી મહારાજ! હું હંમેશાં આપની આજ્ઞા પાળું, ખરાબ કાર્ય ન કરું, આપને રાજી કરી શકું તેવાં બળ-બુદ્ધિ આપજો. કુસંગ થકી રક્ષા કરજો અને સારાનો સંગ આપજો. માતાપિતાની સેવા કરું અને અભ્યાસ બરાબર કરું અને આપનો આદર્શ ભક્ત બનું એવી શક્તિ આપજો.**

**૨.** મુક્ત અનંત સુપૂજિત, ............................... ગુણાતીતાનંદ... (પાઠ-૩૭)

**જ. મુક્ત અનંત સુપૂજિત, સુંદર સાકારમ્, (જય) (૨)**
**સર્વોપરી કરુણાકર (૨), માનવ તનુધારમ્... જય. ૧.**
**પુરુષોત્તમ પરબ્રહ્મ, શ્રીહરિ સહજાનંદ, (જય) (૨)**
**અક્ષરબ્રહ્મ અનાદિ (૨), ગુણાતીતાનંદ... જય. ૨.**

**પ્ર.૫ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં)** **[૫]**

**૧.** સમજાવો : સત્યકામ શું શીખ્યો? **(પાઠ નં. ૧)**

**૨.** આપણે ઘરસભા કેમ અને કેવી રીતે કરીએ છીએ? **(પાઠ નં. ૨૨)**

**૩.** ઉકાખાચરની સેવા વિસ્તૃત રીતે જણાવો. **(પાઠ નં. ૩૧)**